હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

બહેન... તૈયાર ઊગાડેલા જવારા લોવાનો સમય ગયો... આ પ્લાસ્ટીકના લઇ જાવ... દિકરીની દિકરી વાપરશે...

ગૌરીવત નિમિતે ચિલોડા ગામમાં શ્રી વિષ્ણુ ભાઈ સી પટેલ દ્વારા ગામની ગૌરીવત ધારી ૨૦૦ બાળા ઓને જમણવાર અને ૨૦૦ દીકરીઓને દ્રાય ફ્રુટનું વિતરણ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું દર વર્ષે વિષ્ણું ભાઈ તરફથી કાર્યક્રમ યોજવામાં આવે છે

વૈષ્ણોદેવી પાસે રૂપીયાની લેવડ-દેવડમાં વેપારીને છરાના ઘા ઝીંકી બે શખ્સો ફરાર

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરના વૈષ્ણોદેવી સ્થિત ચેહર પાન પાર્લર નજીક રૂપીયાની લેવડ-દેવડ મુદ્દે પીઓપી જીપ્સમ પટ્ટીના વેપારી પર આડેધડ છરાના ઘા ઝીંકી હત્યા કરવાની ધમકી આપી બે શખ્સો બાઈક પર નાસી છુટ્યા હતા. ઈજાગ્રસ્ત વેપારીને તાત્કાલીક સારવાર માટે ખસેડાયો હતો.જયારે અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. મળતી વિગત મુજબ અમદાવાદના ઓઢવ રામેશ્વર રેસીડેન્સી ખાતે રહેતા મનિષભાઈ નટવરભાઈ ગોહિલ વટવા ખાતે મધર એન્ટરપ્રાઈઝ નામની પી.ઓ.પી.જીપ્સમ પટ્ટી બનાવવાની કંપની ચલાવતા હતા.પરંતુ કંપની બંધ કરવાની હોવાથી કંપનીની તમામ મશીનરી તેમના પરિચિત દિવાકર ઉર્ફે જનકરામ વર્મા તેમજ તેના ભાઈ નિત્યરામ વર્મા (બંન્ને રહે. જગતપુર રોડ પંચશીલ સોસાયટી પાછળ ઔડાના મકાનમાં મેટ્રો ટ્રેકની બાજુમાં ચાંદલોડીયા) ને રૂ.૧૨ લાખમાં વેચી મારી હતી. આ મશીનરીના પૈસા ચુકવવાનો વાયદો એક વર્ષનો હતો. જયારે કંપનીમાં બનાવેલી જીપ્સમ પટ્ટી તેમજ શીટ પણ અલગ થી રૂ.૯ લાખમાં વેચી હતી. જે રૂપીયા બે મહિનામાં આપવાનો વાયદો કર્યો હતો.આ કંપનીની મશીનરી તેમજ જીપ્સમ પટ્ટી તેમજ શીટ ફેબ્રુઆરી ૨૦૨૩ માં વેચી દીધી હતી.આ માલના રૂ.૯ લાખ આપવાનો બે માસનો વાયદો પુરો થયો હોવા થતા આજદીન સુધી દિવાકર વર્માએ વેપારીને પૈસા ચુકવ્યા ન હતા.જયારે બીજીબાજુ બંન્ને ભાઈ છેલ્લા બે માસથી અલગ થઈ ગયા છે. જેથી મનિષભાઈ દિવાકર જોડે રૂપીયાની ઉઘરાણી કરતો હતો.ગતરોજ તા.૨૯ ના રોજ દિવાકરે પૈસા આપવાનો વાયદો કર્યો હોવાથી મનિષભાઈએ તેને ખોરજ વૈષ્ણોદેવી નજીક ચેહર પાન પાર્લર ખાતે મળવા માટે બોલાવ્યો હતો. જેથી દિવાકર અને બીજો અજાણ્યો શખ્સ ગતરોજ મનિષભાઈને મળ્યા હતા. ત્યારે મનિષભાઈએ નવ લાખ આપવાનો સમયગાળો પુરો થઈ ગયો હોવા છતા આજદીન સુધી પૈસા કેમ આપ્યા નથી. જેથી દિવાકરે હું તારા પૈસા ખાઈ ગયો છું. તેમ કહી મારી મજાક ઉડાડવા લાગ્યો હતો. ત્યારબાદ બને જણા હસતા હતા. ત્યારે મનિષભાઈએ બીજા શખ્સને કહ્યુ કે આ મજાકની વાત નથી તું આ બાબતે કંઈ જાણતો નથી તો કેમ હસે છે. આટલુ સાંભળીને અજાણ્યો શખ્સ એકદમ ઉશ્કેરાઈ ગયો હતો.

તેણે છરો કાઢી મનિષભાઈ પર હુમલો કર્યો હતો. જેમાં છરાના ઘા મનિષભાઈને કાન તેમજ કાનના પાછળના ભાગે અને માથામાં છરો વાગતા ગંભીર ઈજા પહોંચી હતી. ત્યારબાદ બંને જણા હત્યા કરવાની ધમકી આપી બાઈક પર બેસી નાસી ગયા હતા.

સેકટર-૨૪ માં મકાન ભાડે આપનાર મકાન માલિક સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધાયો

ગાંધીનગર,તા.૩૦

ગાંધીનગર શહેરમાં સેકટર-૨૪ શ્રીનગર સોસાયટીમાં મકાન ભાડે આપનાર મકાન માલિક સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધ્યો છે. શ્રીનગર સોસાયટી ખાતે રહેતા કસ્તુરભાઈ માળીએ મકાનની ઉપરનો માળ ભાડે આપ્યો હતો. પરંતુ પોલીસ મથકે જાણ કરવામાં આવી ન હતી. જેથી પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૪ શ્રી નગર સોસાયટી મકાન નં.૮૨-૩૨૯ માં કસ્તુર ખુબાજી માળી રહે છે. તેમના મકાનના ઉપરના માળે આવેલા બે રૂમ બનાવેલા છે. તે રૂમો અભ્યાસ કરતી યુવતિઓને મહિને સાત હજારના ભાડા પેટે આપેલી હતી. જેથી પોલીસે ભાડા કરાર અને પોલીસને જાણ કરી છે કે નહી તે અંગે પુછપરછ કરી હતી. પરંતુ કસ્તુરભાઈએ કોઈ ભાડા કરાર કરાવ્યો ન હતો.તે ઉપરાંત પોલીસને જાણ પણ કરી ન હતી. જેને પગલે સેકટર-૨૧ પોલીસ મથકમાં તેની સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.જયારે ભાડે મકાન આપી પોલીસને જાણ ન કરવી એ પણ ગુનો બને છે. જેથી મકાન માલિકે પોલીસને ભાડુઆતની જાણ કરવી આવશ્યક છે.

સિવિલના આરએમઓ ડો.એન.કે. પરમારનો વિદાય સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ત્રણ વર્ષથી નિવાસી તબિબિ અધિકારી તરીકે ફરજ બજાવતા ડો.એન.કે.પરમાર આજરોજ વય નિવૃત થતા ઓપીડી બિલ્ડીંગ ખાતે વિદાય સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે મેડીકલ કોલેજના ડીન ડો.શોભના ગુપ્તા અને સિવિલ સુપ્રિટેન્ડન્ટ ડો.નિયતિ લાખાણીએ ડો. એન.કે.પરમારને શાલ ઓઢાડી પુષ્પગુંચ્છ તેમજ સાકરનો પડો શ્રીફળ આપી નિવૃતમય જીવન સુખમય-નિરોગી પસાર થાય તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે ડોકટર્સ, નર્સિંગ સ્ટાફ, વહીવટી સ્ટાફ, તેમના પરિવારજનો સહિત કર્મચારીઓ મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા. ડો.એન.કે.પરમાર વર્ષ-૧૯૮૭ માં તબિબ બન્યા હતા. તેઓએ ૨૩ વર્ષ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં તબિબિ સેવાઓ આપી હતી. ત્યારબાદ તેમની બદલી ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે થઈ હતી. ત્યારે સિવિલમાં પણ ૧૦ વર્ષ સુધી મેડીકલ ઓફિસર તરીકે તાત્કાલીક વિભાગ અને આઈસીયુમાં ફરજ બજાવી છે. ત્યારબાદ પ્રમોશન મળતા બોટાદ સિવિલ હોસ્પિટલ ખાતે સુપ્રિટેન્ડન્ટ તરીકે સેવા આપી હતી. ડો.એન.કે.પરમાર સ્વભાવે હસમુખા અને સરળ હોવાથી તેઓ ડોકટર્સ તેમજ કર્મચારીઓમાં આગવુ સ્થાન ધરાવતા હતા. છેલ્લા ત્રણ વર્ષથી તેઓ ગાંધીનગર સિવિલમાં નિવાસી તબિબિ અધિકારી તરીકે ફરજ બજાવીને આજરોજ વયનિવૃત થયા હતા. આ પ્રસંગે તેઓ પોતાના જીવન સમય દરમિયાનના સ્મરણો વાગોળતા તેઓની આંખના ખુણા ભીના બન્યા હતા. આ સમયે કેટલાક સાથી ડોક્ટર્સની પણ આંખોમાંથી આંસુ સરી પડ્યા હતા. વિદાય સમારોહ પ્રસંગે ઉપસ્થિત સૌ કોઈએ ડો.પરમારને ફુલોના હાર તેમજ પુષ્પગુંચ્છ આપી અઢળક શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે ડો.સુધાબેન શર્મા, ડો.વિપુલાબેન પંડ્યા, ડો.કલ્પેશ જશપરા, ડો.કલ્પેશ પરીખ, ડો.વિનયકુમાર, ગાંધીનગર સિવિલ પૂર્વ આરએમઓ ડો.કલપેશ શાહ, ડો.શશી મુદ્રા, ડો.પરેશ ગજજર, ડો.યોગેશ ગજજર, નર્સિંગ સુપ્રિટેન્ડન્ટ જાગૃતિ પટેલ સહિત લેબોરેટરીના કર્મચારીઓ હાજર રહ્યા હતા.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં આજે દિવસ દરમ્યાન વાદળછાયા વાતાવરણ વચ્ચે નગરજનોને આકરી ગરમીનો અહેસાસ થયો હતો.
- ગાંધીનગર શહેરમાં આજે વયમર્યાદાને લઈ સેવા નિવૃત્ત થતા કર્મચારીઓને વિદાય સાથે નિવૃત્ત જીવન સુખમય વિતે તેને લઈ નિવૃત્તિ સન્માન સમારોહ મોટી સંખ્યામાં યોજાયા હતા.
- જિલ્લા પંચાયતમાં સારથી તરીકે સેવા આપતા સિંચાઈ વિભાગના સારથી વિષ્ણુભાઈ સાધુ વય મર્યાદાને લઈ સેવા નિવૃત્ત થયા છે.
- ગાંધીનરમાં સે. ૨૨ની બેંક ઓફ બરોડાનું સર્વર આજે વારંવાર કનેક્ટીવીટી ગુમાવતાં ગ્રાહકો પરેશાન થયા હતા.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના હિસાબી અધિકારી શકુંતલાબેન મહેશ્વરીની બઢતી સાથે બદલી થતાં કર્મચારીઓએ ભાવભીની વિદાય આપી હતી.
- ગાંધીનગરના કલોલમાં કોલેરા અને પછી ઝાડા-ઉલ્ટીના રોગચાળાને લઈ મેલેરીયા માટેના હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ પર વિપરીત અસરો પડી છે.
- દહેગામમાં હાઉસીંગમાં ચાર મહિનાથી ઉભરાતી ગટરોથી રહીશો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.
- દહેગામમાં કોંગ્રેસના જનમંચના કાર્યક્રમમાં ટ્રાફિકની વિકરાળ સમસ્યાને લઈ અનેક પ્રશ્નોનો મારો ચાલ્યો.
- દહેગામ મામલતદાર કચેરીના સેવક તરીકે ફરજો બજાવતા કર્મચારીના સેવા નિવૃત્ત વિદાય સમારોહમાં હૃદયદ્રાવક દૃશ્યો સર્જાયા.
- બોરીસણા ગામના ખાંટવાસ નજીક જુગાર રમતા ૧૧ ઈસમોને પોલીસે ઝડપ્યા.
- દહેગામના હરસોલી ખાતે જુગાર રમતા ૬ ઈસમો ઝડપાયા.
- કલોલમાં ઘર આગળ પાર્ક કરેલી સ્કોર્પીયો ગાડીની ચોરી થતાં પોલીસ ફરિયાદ નોંધાઈ.
- ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારના માર્ગોની હાલત ચોમાસાના આરંભે જ કથળતાં ગ્રામજનોમાં રોષની લાગણી જન્મી.
- ગાંધીનગર શહેરમાં ચોમાસાના આરંભ સાથે જ વિવિધ કચેરીઓમાં કંટ્રોલરૂમો કાર્યરત થયા.
- ગાંધીનગર શહેરમાં સીજનલ બિમારીના કેસો વધ્યા.
- ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભા વખતે એક મિનીટ માટે વીજ પુરવઠો ખોરવાયો હતો.
- આજે ડોક્ટર્સની ડે ની ઉજવણી કરવામાં આવશે.
- સે. ૭-એ ના બગીચામાં પવનથી ઉડી ગયેલી છત્રીની મરામત ન થતાં રહીશોમાં રોષ જન્મ્યો છે.
- સરકારે આજે સાંજે ૩૪ ડીવાય.એસ.ઓ.ને એસ.ઓ. તરીકે બઢતી આપતા હુકમો કર્યા છે.

ભારતના સૌપ્રથમ શ્રવ્ય ઈન્ટરનેશનલ કોક્લીવિસ્ટા (O) વર્કશોપનું આયોજન

ગાંધીનગર,તા.૩૦

ગાંધીનગર કેટલાક કિસ્સાઓમાં, નવજાત શિશુઓ જન્મ પછી બોલી અને સાંભળી શકતા નથી. તો શું આવા બાળકોનો ઈલાજ શક્ય છે?શું તેઓ ક્યારેય બીજાઓની જેમ બોલી અને સાંભળી શકશે? માહિતી શેર કરવા અને આ પ્રકારની ખામીનો સામનો કેવી રીતે કરવો તે અંગે જાગૃતિ લાવવા માટે જીએમઈઆરએસ મેડિકલ કૉલેજ અને હોસ્પિટલ ગાંધીનગર દ્વારા ગાંધીનગરમાં ભારતના પ્રથમ શ્રવ્ય ઈન્ટરનેશનલ કોક્લીવિસ્ટા (O) વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું જ્યાં અનુભવી ડૉક્ટરો લાઈવ સર્જરી કરી તેમની કુશળતા દર્શાવી હતી. કોર્સ ડાયરેક્ટર - ડૉ. નીરજ સૂરી, જાણીતા ઈએનટી સર્જન અને કૉક્લિયર ઈમ્પ્લાન્ટોલોજિસ્ટ - ગુજરાતમાં લોકોમાં, ખાસ કરીને બાળકોમાં સાંભળવાની ક્ષતિને ઘટાડવા માટે વ્યાપકપણે કામ કર્યું છે.તેઓએ ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ સાથે હાથ મિલાવ્યા છે અને આ મુદ્દાને ઉકેલવા માટે સર્વગ્રાહી અભિગમ અપનાવવામાં આવે તે સુનિશ્ચિત કરતી ઘણી પહેલોનું નેતૃત્વ કર્યું છે. ઈન્ટરનેશનલ ઈન્સ્ટ્રક્ટર્સ જેવા કે પ્રો. ડૉ. જેવિયર ગેવિલન, ચેરમેન, ઓટોલેરીંગોલોજી દીપ , લા પાઝ યુનિવર્સિટી હોસ્પિટલ, સ્પેન અને અને પ્રો. ડૉ. અરુણ કે ગાડરે, ક્લિનિકલ પ્રોફેસર, ગેઝિંગર કોમન વેલ્થ સ્કૂલ ઑફ મેડિસિન અને ગેઝિંગર મેડિકલ સેન્ટરમાં ઓટોલોજી અને ન્યુરોટોલોજી, ડેનવિલે પીએ, યુએસએ પણ લાઈવ સર્જરી સમયે ઉપસ્થિત રહ્યાં હતા. આ પ્રસંગે ઉપસ્થિત ડો. નીરજ સુરીએ જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં ગુજરાતમાં જન્મજાત સાંભળી ના શકતા અને બોલી ના શકતા ૨૮૦૦ બાળકોએ કોક્લીયર ઈમ્પ્લાન્ટના ફ્રી ઓપરેશન દ્વારા શ્રવણ સહાય મેળવી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના કોક્લીયર ઈમ્પ્લાન્ટ સેન્ટરે ૧૬૦૦ સર્જરી સફળતાપૂર્વક પૂર્ણ કરી છે. આજે આ વર્કશોપ દ્વારા અમે લાઈવ સર્જરી કરીને અમારા જ્ઞાનની આપ-લે કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. અમે વિશ્વભરના ૩૦૦ થી વધુ પ્રતિનિધિઓને તેમની મૂલ્યવાન આંતરદૃષ્ટિ શેર કરવા માટે આમંત્રિત કર્યા છે. આપણા દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું આ સપનું હતું અને તેમણે કોકલિયરનું બીજ રોપ્યું હતું, જે આજે ગુજરાત માટે વિશાળ શ્વાસ લેતું વૃક્ષ બની ગયું છે. ઈવેન્ટમાં કીનોટ પ્રેઝેન્ટેશન, પેનલ ડિસ્કશન, ઈન્ટરેક્ટિવ વર્કશોપ અને લાઈવ ડેમોસ્ટ્રેશન દર્શાવવામાં આવશે. પાર્ટિસિપન્ટ્સ અદ્યતન સંશોધન, ઉભરતી ટેક્નોલોજી અને કોક્લિયર ઈમ્પ્લાન્ટોલોજીમાં શ્રેષ્ઠ પ્રેક્ટિસમાં આંતરદૃષ્ટિ મેળવી શકે છે. તે પરિણામો અને દર્દીના અનુભવને સુધારવામાં પેરા મેડિક્સને મદદ કરવા માટે પણ રચાયેલ છે. સર્જનો, ઑડિયોલોજિસ્ટ અને સ્પીચ-લેંગ્વેજ થેરાપિસ્ટ પ્રોગ્રામ્સનું પૃથ્થકરણ કરવાનું અને શ્રેષ્ઠ પદ્ધતિઓનો અમલ કરવાનું શીખશે. વિવિધ દેશોના ડોકટરો પણ સૂચના આપશે અને તેમની કુશળતા શેર કરશે. તેઓ સર્જરી પછીની અને સંભાળની સૂચનાઓને અનુસરીને આ પ્રકારની ખામીઓનો સામનો કેવી રીતે કરવો તેની માહિતી શેર કરશે. આ સારવાર એવા બાળક માટે એક આશાસ્પદ વરદાન છે જે જન્મથી બોલી અને સાંભળવામાં અસમર્થ છે. બાળકના કાનના પાછળના ભાગમાં સર્જરી કરવામાં આવે છે, જેમાં એક ચિપ મૂકવામાં આવે છે. કાનની બહાર મૂકવામાં આવેલ મશીન દ્વારા સપોર્ટેડ છે. મિકેનિઝમ ફેરોમેગ્નેટિક ઈન્સ્ટ્રૂમેન્ટ જેવું જ છે, જે ચિપ સાથે જોડાયેલ રહે છે. આંતરિક કાનમાં ઈલેક્ટ્રોડ પણ દાખલ કરવામાં આવે છે. વિજ્ઞાન અને ટેક્નોલોજીની પ્રગતિ સાથે, આ બાળકો આવી ક્ષતિને દૂર કરવામાં ધન્ય છે.

સિવિલ ખાતે પોસ્ટર સ્પર્ધા યોજાઈ

આઝાદી કા અમૃત મહોત્સવની જુન માસની થીમ મુજબ બાળકો તેમજ મહિલાના માનસિક સ્વાસ્થય ઉપર સિવિલ હોસ્પિટલ ગાંધીનગર ખાતે પોસ્ટર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નર્સિંગ સ્ટાફની ૩૮ બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં વિજેતા બહેનોને ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

દહેગામ ખાતે વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ ટીમવર્કનું આયોજન કરાયું

ગાંધીનગર,તા.૩૦

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.એ.જે.વૈષ્ણવ નેતૃત્વમાં અને જિલ્લા મલેરિયા અધિકારી ડૉ. વિક્રમસિંહ સોલંકી માર્ગદર્શન હેઠળ દહેગામ તાલુકામા અર્બન દહેગામ ખાતે વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ ટીમ વર્કનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં કુલ ૮ ટીમ નું આયોજન કરી પ્રાઈવેટ હોસ્પિટલ, પ્રાથમિક શાળા, માધ્યમિક-ઉચ્ચતર શાળા, જીઆઈડીસી, ટાયર પંચર ની દુકાન, ચા ની દુકાનો , મંદિર ,મસ્જિદ , પીવાના પાણીની ટાંકી , વોટર ડ્રેનેજ , એસટી ડેપો ,પોલીસ સ્ટેશન વગેરે નું વાહક જન્ય રોગ કાર્યક્રમ અંતર્ગત ટીમ દ્વારા મુલાકાત કરવામાં આવેલ.. જેમાં સોર્સ રીડક્શન , એન્ટી લાર્વલ અંગેની કામગીરી કરવામાં આવેલ . કુલ ૨૪૨ .સંસ્થાઓની તપાસ કરી ૩૮ પોરા ઉત્પતિ સ્થાનો શોધી કાઢી તેનો કાયમી નાશ અને નિકાલ કરેલ તથા કચેરીના સંબંધિત અધિકારીને મળીને વાહક જન્ય રોગ જેવા મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા રોગના લક્ષણો, બચાવના ઉપાયો તેમજ રોગની અટકાયતી અંગે આરોગ્ય શિક્ષણ દ્વારા માહિતગાર કરવા સાથે માર્ગદર્શન અને જરૂર જણાય ત્યાં સૂચન કરી ચાલુ સિઝનમાં મચ્છર ઉત્પતિથી થતા રોગ નો ઉપદ્રવ વધે નહી તે સારુ પ્રયાસ કર્યા હતા.

દહેગામ મામલતદાર કચેરીમાં કર્મચારીના વિદાય સમારંભમાં હૃદયદ્રાવક દ્રશ્યો સર્જાયા

ગાંધીનગર,તા.૩૦

દહેગામ સેવા સદનમાં આવેલી મામલતદાર કચેરીમાં એજ્યુકેટીવ મેજિસ્ટ્રેટની ઓફિસમાં સેવા તરીકે ૩૯ વર્ષથી ફરજ બજાવતા ભીખાજી કાળાજી ઠાકોર આજે વય નિવૃત્ત થયા હતા. તેમના સન્માનમાં સેવાસદનના તમામ કર્મચારી ગણ દ્વારા વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. આ વિદાય સમારંભમાં હૃદય દ્રાવક દ્રશ્ય જોવા મળ્યા હતા. મામલતદાર રોનક કપૂરે ભીખાજી ઠાકોરને પોતાના વડીલ અને પરિવારના સભ્ય ગણાવ્યા હતા. તમામ કર્મચારીઓએ ભીખાજી ઠાકોર ની નિષ્ઠાપૂર્વકની અને પ્રમાણિકતા ભરી ફરજને બિરદાવિ હતી અને આગામી ભવિષ્ય સુખી સંપન્ન અને આરોગ્યપ્રદ નીવડે એવી શુભેચ્છાઓ પાઠવી હતી. સાલ શ્રીફળ આપીને સન્માન કર્યું હતું. મૂળ આમજા ગામના વતની ભીખાજી ઠાકોર ૧૯૮૪ માં દહેગામ મામલતદાર કચેરીમાં પટાવાળા તરીકે ફરજ ઉપર જોડાયા હતા અને ૩૯ વર્ષની સેવા આપ્યા બાદ રિટાયર્ડ પણ આ જ કચેરીમાંથી થયા છે.

પેથાપુરના યુવકની ત્રણ વાહનો સાથે ધરપકડ

પેથાપુર પોલીસે ત્રણ વાહનચોરીના ગુનાનો ભેદ ઉકેલી નાંખ્યો

ગાંધીનગર,તા.૩૦

ગાંધીનગર શહેરમાં વાહનચોરીએ માઝા મુકી છે. ત્યારે શહેરના વિવિધ ત્રણ પોલીસ મથક વિસ્તારમાંથી વાહન ચોરી કરનાર યુવકને ચોરીના ત્રણ વાહનો સાથે પેથાપુર પોલીસે પકડી પાડ્યો છે. પેથાપુર પોલીસે ત્રણ વાહનચોરીના ગુનાનો ભેદ ઉકેલી દીધો છે.

ગાંધીનગર શહેરમાં આંતરે દિવસે વાહનચોરીના કિસ્સા સામે આવે છે.પહેલા ભીડભાડવાળા વિસ્તારમાંથી વાહનચોરી થતી હતી.જયારે હવે રહેણાંક મકાન પાસેથી પણ વાહનો સલામત રહ્યા નથી. આંખના પલકારમાં વાહનચોરી કરી ચોર શખ્સો પલાયન થઈ જાય છે. ત્યારે પેથાપુર પોલીસને ત્રણ વાહનચોરીના ગુના ઉકેલવામાં સફળતા મળી છે. પેથાપુર પોલીસ મથકના પીએસઆઈ આશાબેન ગામીત ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા.તે સમયે બતામી મળી હતી કે એક શખ્સ કાળા કલરનું ગ્રેકલરના પટ્ટાવાળુ નંબર પ્લેટ વિનાનું ચોરીનું સ્પ્લેન્ડર બાઈક લઈને ગાંધીનગર થી પેથાપુર તરફ આવી રહ્યો છે. જેથી પોલીસે શંકમંદ હાલમાતં ઈન્દ્રજીતસિંહ ગોવિંદસિંહ વાઘેલા (ઉં.૨૪ રહે પેથાપુર મુળ રહે પીંપળજ)ને ચોરીના બાઈક સાથે પકડી પાડ્યો હતો. તે શખ્સની પુછપરછ કરતા એક બાઈક તેમજ એકટીવા પણ મળી આવ્યું હતું. આ વાહનોની તપાસ કરતા ઈન્ફોસીટી, સેકટર-૨૧ અને પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ હોવાનું સામે આવ્યું હતું. પોલીસે યુવકની અટકાયત કરી રૂ.૫૦ હજારની કિંમતના ત્રણ વાહનો જપ્ત કરી આગળની તપાસ હાથ ધરી છે.